# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

"જલસેવા ભવન" સેકટર નં.૧૦/એ, એરફોર્સ કચેરીની સામે, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

Ph. No. : 23222547 FAX No. 079-232 25979 Email :- aogwssb@gmail.com, website :gwssb.gujarat.gov.in


પરિપત્ર નં. એબી/સીમે હિ./અર્બન એસટીપી/૨૦૨૧-૨૨/ફા.નં.૨૬/૬૩૮ તા.૨૮/૧૦/૨૦૨૧

**વિષય;-** મરામત અને નિભાવણીના કામોના પ્રિ-ઓડીટ બાબતે

**સંદર્ભ;-**

(૧) બોર્ડ કચેરીના પરિપત્ર નં.એબી/સીમે.૧-૨/પ્રિ-ઓડીટ/૧૨-૧૩/ફા.૧૧/૯૮૬૩, તા.૧૩/૧૨/૨૦૧૨

(૨) બોર્ડ કચેરીના પરિપત્ર નં.એબી/સીમે.૧-૨/પ્રિ-ઓડીટ/૧૨-૧૩/ફા.૧૧/૯૩૧૪, તા.૧૭/૧૧/૨૦૧૪

(૩) બોર્ડ કચેરીના પરિપત્ર નં.એબી/સીમે.૧-૨/૨૦૧૩-૧૪/ફા.૩૨/૪૧૯, તા.૨/૧૧/૨૦૧૮

(૪) બોર્ડ કચેરીના પરિપત્ર નં. એબી/સીમે.૧-૨/પ્રિ-ઓડીટ/૧૬-૧૭/ફા.૬૩/૬૭૭, તા.૧૯/૧૨/૨૦૧૯

## પ્રસ્તાવના

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તક ચાલતી યોજનાઓનું પ્રિ-ઓડીટ કરાવવાની પ્રથા અમલમાં છે. જેના સંદર્ભમાં બોર્ડ ધ્વારા પ્રિ-ઓડીટની કામગીરી માટે પરિપત્રો કરવામાં આવેલ છે. હાલમાં રૂા.૧/- એક કરોડથી વધુની કરાર કિંમતની યોજનાઓના કામોના બીલોનું વ્યવસાયિક ચાર્ટડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રિ-ઓડીટ કરાવી ચૂકવણું કરવાની કાર્ય પધ્ધતિ અમલમાં છે. આમ, રૂા.૧/- કરોડથી વધુની કરાર કિંમતની યોજનાઓના કામોના બીલોનું પ્રિ-ઓડીટ કરાવવાનું રહે છે.

યોજનાકીય કામો પૂર્ણ થયા બાદ મરામત અને નિભાવણીના કામો કરવાના થાય છે તેમજ મરામત અને નિભાવણીના કામો માટે કરારની શરત પ્રમાણે રકમ ચૂકવવાપાત્ર થાય છે.જેના પ્રિ-ઓડીટ કરાવવા બાબતે ક્ષેત્રિય કચેરીઓ ધ્વારા માર્ગદર્શન માંગવામાં આવે છે આથી મરામત અને નિભાવણીના કામો માટે પ્રિ-ઓડીટ કરાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં મરામત અને નિભાવણીના કામોના પ્રિ-ઓડીટ બાબતે નીચે મુજબ સુચનાઓ પરિપત્ર કરવામાં આવે છે.

## પરિપત્ર

(૧) યોજનાકીય કામો સાથેની મરામત અને નિભાવણી તથા મરામત અને નિભાવણી માટે અલગથી બહાર પાડવામાં આવતા ટેન્ડરના કામો અન્વયેના બીલોનું પ્રિ-ઓડીટ કરાવવાનું રહેશે નહી.

Computer Cell
Inward No. : 837
Date 30/10/21
Mark to

(૨) ઉક્ત મુદ્દા નં.૧માં જણાવેલ સૂચના અન્વયે કોઈ કિસ્સામાં ક્ષેત્રિય કચેરીઓને મરામત અને નિભાવણીની કામગીરી સંદર્ભે પ્રી- ઓડીટ કરાવવાની જરૂરીયાત જણાય તો પ્રી-ઓડીટરની નિમણૂંક અંગેની દરખાસ્ત વિગતવાર કારણોસહ ઝોન મારફતે મુખ્ય ઇજનેરશ્રી ના અભિપ્રાય સહ અત્રે મોકલી શકાશે.

યોજનાકીય કામોના પ્રિ-ઓડીટ માટે અગાઉના પરિપત્રોથી આપેલ સુચનાઓ યથાવત રહેશે.

**-: મા.સભ્ય સચિવશ્રીની મંજૂરીથી :-**

**(એમ.પી.પુજારા)**
નાણાં નિયંત્રક

**<u>નક્લ સવિનય રવાના જાણ સારૂ</u>**

(૧) મા.સભ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી

**<u>નક્લ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહિ અર્થે</u>**

(૧) મુખ્ય ઇજનેરશ્રી(તમામ)
(૨) નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેકટર -૧૫, ગાંધીનગર
(૩) અધિક્ષક ઇજનેરશ્રી, તકેદારી એકમ, બોર્ડ કચેરી,ગાંધીનગર
(૪) અધિક્ષક ઇજનેરશ્રી (તમામ)
(૫) કાર્યપાલક ઇજનેરશ્રી (તમામ)
(૬) સીનીયર મેનેજરશ્રી(ના/હિ)/ નાયબ મેનેજર(ના/હિ) (તમામ)
(૭) વિભાગીય હિસાબનીશ (તમામ)
(૮) સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ તરફ બોર્ડની વેબસાઇટ પર મુકવા સારૂ.
(૯) પ્રિ- ઓડિટરશ્રી (તમામ)